ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

સંમેલનો ભરી 'ખેડૂત' ને મનાવવા છે!
ને મહેમાની કરી એમને બનાવવા છે!
જણાવવા છે સંકેત સંપ-સંગઠનના -
'રાજદ્રોહ' ની જેલ થી પાઠ ભણાવવા છે!!

હાઈકુ

'રામ' ને 'ગાય'
ચૂંટણી મુદ્દા બની -
દોરે ત્યાં જાય!

હોય છે કદા!
મીણનાં પૂતળાં ય
વજ - હૃદયી

## ચિંતન

**યથ યથૈવ સ્નેહેન ભૂયિષ્ઠ મુપચર્યતે ।**
**ધત્તે તથા તથા તાપ મહા વૈશ્વાનરઃ ખલઃ ॥**

યજ્ઞકુંડના મહાન અગ્નિને જેમ જેમ ઘી કે તેલની વધારે ને વધારે આહુતિ આપવામાં આવે છે તેમ તેમ તેની જવાળાઓ વધારે પ્રમાણમાં તાપ આપવા લાગે છે.

દુષ્ટ સ્વભાવના દુર્જનને જેમ જેમ પ્રેમપૂર્વક વધારને વધારે સ્નેહ આપી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે તેમ તેમ તે વધારે માથે ચઢતો જાય છે અને વધારે સંતાપ આપવા લાગે છે.

આજકાલ દુષ્ટ પ્રેમીઓ - મોબાઈલ ક્લીપ દ્વારા 'ક્લીપ' ઉતાર્યા પછી વધારે સંતાપ આપી બ્લેકમેલ કરે છે એ આ પ્રકારનું દૃષ્ટાંત છે.

## સુવિચાર

- શ્રદ્ધા મને છે એટલી તારી દયા ઉપર... કર્યા નથી મેં જે પાપ એ પણ કબુલ છે - **બેફામ**
- તમને કોઈ નો વિશ્વાસ નથી... તો તમે કોઈ કામમાં મહાન ન બની શકો - **એસ. ભટ્ટાચાર્ય**
- વૃત્તિ શ્રેષ્ઠ હશે... તો પ્રવૃત્તિ શ્રેષ્ઠ થઈ જશે - **નવનિત**
- પરાજય નો ડંખ અને વિજયનો ગર્વ... જેનામાં નથી તે જ સાચો માનવી- **ગુણવંત શાહ**
- વિચાર જયારે આચારમાં દઢ બને તેને સંસ્કાર કહેવાય છે - **જનકલ્યાણ**
- અસામાન્ય પ્રમાણમાં સામાન્ય બુદ્ધિ હોય એને દુનિયા ડહાપણ કહે છે - **બર્નાડ શો**
- માણસ જેમ વધુ જાણે છે એમ એ વધારે માફ કરે છે - **માનસસૂત્ર**
- આજનું ઔષધ : તુલસીના પાનનો રસ કાઢી તેમાં કોપરેલ મેળવી દાઝ્યા પર લગાવવાથી બળતરામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

આજે કૉલેજ, યુનિ. હાઈસ્કૂલોમાં છેડતી-મશ્કરી-રેપ સાવ સામાન્ય ઘટના બની ગઈ છે. યુવતીઓ એ સરકાર કે કોઈની સહાયની અપેક્ષા રાખ્યા વિના - 'સ્વ બચાવ' ની શક્તિ હિંમત અને તાલીમ લઈ લેવી જોઈએ.

તે વખતે ગૂજરાત વિદ્યાપીઠમાં કિશોરભાઈ મશરુવાળા પ્રધ્યાપક હતા. ઢળતી સાંજે કેટલીક વિદ્યાર્થીનીઓ, આવી મશરુવાળાને પૂછ્યું, કેટલાક છોકરા આવતાં-જતાં અમારી મશ્કરી કરે છે, કયારેક અસહ્ય થાય છે, શું કરીએ છે? મશરુવાળાએ તરત કહ્યું - તમારે હિંમત કેળવી, પગમાંથી ચંપલ ઉતારી આવી કોમેન્ટ કરનારાના મોંઢાં પર ફટકારી દેવી જોઈએ... છોકરીએ કહ્યું : પણ બાપુ તો 'હિંસા' થી નારાજ ન થાય?

કિશોરભાઈ કહે, સ્વ બચાવમાં, રક્ષા કરવી આપણી ફરજ છે એને હિંસા ન કહેવાય, આમ છતાં બાપુ અહીં જ છે, ચાલો તેનું માર્ગદર્શન મેળવીએ... બધાં બાપુ પાસે ગયાં. રજૂઆત કરી.

બાપુ કહે - કોઈ લાજ લૂંટવા પ્રયત્ન કરે તો છરીનો ઉપયોગ કરવો પડે અને પ્રતિકાર કરો તો પણ તે અહિંસાત્મક બચાવ જ કહેવાય! તમારા માટે એ હિંસા નથી.'

... છોકરીઓને પ્રત્યુત્તરથી સંતોષ થયો.

# ભારત માતા કી જય

## તંત્રીસ્થાનેથી...

શનિવારની રાત્રે કોલકાત્તાનું ઈડન ગાર્ડન સ્ટેડિયમ 'ભારત માતા કી જય' ના જયનાદથી ગાજી ઉઠ્યું હતું. આપણા દેશમાં પ્રજાસત્તાક અને સ્વાતંત્ર્યદીન બાદ જો દેશભક્તિ છલકાવતો દિવસ હોય તો તે ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચનો દિવસ બની જાય છે. ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચ હોય તો સમગ્ર દેશ એક ઉત્તેજનાના માહોલમાં ડુબી જાય છે. સટ્ટાબજાર રંગમાં આવે છે. નેતા-અભિનેતાઓ છવાય છે અને દેશની પ્રજા ભારત જીતી જ જશે એવો ભાવ સાથે સ્ટેડિયમમાં કે ટીવી સામે ગોઠવાય છે. આ સહજ ભાવ છે, બહુ જ સારો ભાવ છે. રાષ્ટ્રભક્તિનો માહોલ દેશ ગૌરવની નિશાની છે. પરંતુ જયાં જયાં દેશ રમતો હોય, જયાં જયાં છવાયો હોય તે તમામ સમયે દેશભક્તિનો માહોલ બનવો જોઈએ. પછી એ ફુટબોલની મેચ હોય કે બેડમિન્ટન ટુર્નામેન્ટ હોય. સાર્ક અધિવેશન હોય કે ઓલમ્પિક ગેમ હોય. ભારતના વિજયની ઝંખના પ્રત્યેક ક્ષણે પ્રત્યેક ભારતવાસીના મનમાં જાગતી રહે એ માત્ર આવકારદાયક જ નહિ જરુરી પણ છે. 'ભારત માતા કી જય' બોલવાનું ગૌરવ દરેક ભારતવાસીના હૈયે હોવું જ જોઈએ. અને આ દેશમાં રહેવું હોય તેમણે વંદે માતરમ્ કે ભારત માતા કી જય બોલવું જ પડશે.

કોઈ ગમે તે કહે ભારતના એકે એક નાગરિકની આસ્થા છે કે ભારત મારી માતા છે અને હું ભારત માતાનો સંતાન છું. આ સંસ્કાર ભારતીય સમાજમાં ગળથૂથીના સંસ્કાર છે. ઝાંસીની રાણીથી લઈ આજ સુધી આ સંસ્કાર અકબંધ રહ્યા છે અને રહેશે. રાષ્ટ્રવાદ માટે કોઈ રાજકીય વિવાદ હોવો ન જોઈએ. કોઇનો દંભ દેખાડો એ રાષ્ટ્રવાદન થી. રાષ્ટ્રવાદ તો આંખોમાં છલકાતો ભાવ છે અને જીભથી પ્રગટતા શબ્દો છે. રાષ્ટ્રવાદ માટે નથી કોઈના આશીર્વાદની જરુર કે નથી કોઈના પ્રમાણપત્રની જરુર. રાષ્ટ્રવાદ એ જન્મના સંસ્કાર છે અને એટલે જ સ્પષ્ટ કહેવું છે - પક્ષાપક્ષીથી પર રહીને 'ભારત માતા કી જય' બોલવાનું ગૌરવ પ્રત્યેક ભારતીયમાં છલકાવવું જોઈએ. માત્ર સૂત્રોથી નહિ, માત્ર ભાષણથી નહિ, ભાવ અને કર્મથી પણ રાષ્ટ્રભક્તિનો સ્પર્શ થવો જોઈએ. ભારતના તમામ નાગરિકો મારા ભાઈબહેન છે. બંધારણના આ અમુખના શબ્દો દરેક દેશવાસી માટે મંત્ર છે. પ્રત્યેક ભારતવાસીઓ પ્રત્યેનો સમભાવ એ ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા છે. ભારતીય સંસ્કૃતિ તો 'સર્વે જનાહિ સુખિનો ભવન્તુ'માં શ્રદ્ધા ધરાવે છે. દેશની માલમિલ્કત એ આપણી માલમિલ્કત છે. માલમિલ્કતોને નુકશાન એ દેશને નુકશાન છે. આ વાત પણ તમામ પક્ષો અને જુથોએ સમજી લેવાની જરુર છે.

છેલ્લા પંદર દિવસથી દેશના માધ્યમોમાં શરમજનક ચર્ચાઓ ચાલે છે. સમાચારો અને અહેવાલો છપાય છે કે કોઈ મહાનુભાવને 'ભારત માતા કી જય' બોલવામાં પીડા થાય છે. આવા સમાચારોને, આવા વિચારોને શા માટે પ્રસારિત કરવા જોઈએ? શા માટે એની ચર્ચા કરવી જોઈએ? શા માટે એને મહત્ત્વ આપવું જોઈએ. રાષ્ટ્રવાદના પ્રચંડ ઘુઘવાતા સાગર સામે કોઈક નાનકડાં ટીપાંના નાના અવાજથી સાગરને શું ફરક પડશે? અટકાવો આ વિવાદને, અવગણો આ ચર્ચાને. આ દેશનો એકેએક નાગરિક સ્પષ્ટ માને છે - શ્રદ્ધા ધરાવે છે કે ભારત મારી માતા છે એન હું ભારતનો સંતાન છું. 'જનની જન્મભૂમિસ્ચ સર્વાગદપિ ગરયસી' મા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ અધિક છે. એ ભારતીયતાની ઓળખ છે.

# વિકાસ પરવાનગી માટે ગ્રે વૉટર સીસ્ટમ ફરજીયાત જીડીસીઆરમાં સુધારો




તાજેતરમાં જ ઔડાએ જીડીસીઆરમાં મહત્વનો સુધારો કરી ગ્રે વૉટર રી સાઈક્લીંગની જોગવાઈ રહેણાંક અને મીક્ષ યુઝ શબ્દોનો ઉમેરો કરી હોસ્પિટલ, નર્સીંગહોમ, હોટલ, લોજ, ગેસ્ટ હાઉસના ૫૦૦૦ ચો.મી. થી વધારે બાંધકામ અને સ્કુલ, હોસ્ટેલ, કોલેજ, ટ્રેનીંગ સેન્ટર, કોમ્યુનીટી સેન્ટર, બેન્કવેટ હોલ, સેમીનાર વપરાશ વિગેરે દરેક સુયેજ વોટર પોલ્યુટીંગ કેમીકલ એકમના ઉપયોગના ૧૦૦૦૦ ચો.મી.થી વધારે બાંધકામમાં ગ્રે વૉટર રી સાયક્લીંગ સીસ્ટમ ફરજીયાત બનાવી છે. જો ગ્રે વૉટર રી સાયક્લીંગ સીસ્ટમ મુકવામાં આવશે નહી તો આવા બાંધકામને વપરાશ ઉપયોગ સર્ટીફીકેટ આપવામાં આવશે નહી. ૧૦૦ થી વધારે બાંધકામવાળા યુનિટમાં પણ આ સીસ્ટમ બિલ્ડરોએ ફરજીયાત કરવાની રહેશે. આવી સીસ્ટમ નાખવામાં આવેલ નહી હોય તો બાંધકામ બાદ વપરાશ સર્ટીફીકેટ ઓથોરીટી દ્વારા ઈસ્યુ કરવામાં નહી આવે.

ભવિષ્યના વિકાસને ધ્યાનમાં લઈ કુદરતી પાણીના સ્ત્રોતની જનતાને પાણીની કમી ના રહે તે માટે અથવા તો ભવિષ્યમાં પાણીની અછત ટાળવા માટે ડેવલોપમેન્ટ પ્લાન ૨૦૨૧ બનાવવામાં આવ્યો છે.

ગ્રે વૉટર સીસ્ટમ એટલે કે બાથરૂમ, સેનટરી વોશ રૂમ, કિચનમાં ઉપયોગમાં લેવાયેલ પાણીનો ફરીથી રી સાયક્લીંગ કરી ઉપયોગ લેવામાં આવતા પાણીની સીસ્ટમ, ડ્રેનેજ નેટવર્ક સીવાયના વિસ્તારોમાં ગ્રે વૉટર અને સુયેજ વૉટરના નિકાલની અલાયદી વ્યવસ્થા કરવાની રહેશે. ગ્રે વૉટરને એકત્રીકરણ કરી તે જ જગ્યાએ તેને રી સાયક્લીંગ પધ્ધતિથી ચોખ્ખુ કરી તેનો પુનઃ ઉપયોગમાં લેવામાં આવશે. જેની પાઈપ લાઈન મુખ્ય પાઈપ લાઈનથી અલગ રાખવામાં આવશે. જેથી શુધ્ધ અને અશુધ્ધ પાણી એકત્રીત ના થાય અને સંભવીત રોગચાળા ઉપર પણ અંકુશ મુકાય.

ઔડાએ પ્રથમવાર જીડીસીઆરમાં પર્યાવરણની જાળવણી માટે મહત્વની જોગવાઈ કરી હતી જેમાં ડ્રેનેજ નેટવર્ક ન હોય તેવા વિસ્તારમાં ૧૦૦ મકાનોવાળી બાંધકામ યોજનામાં સુયેજ વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની જોગવાઈ કરી છે. ઉપરાંત વરસાદી પાણીના સંગ્રહની પણ ખાસ રેઈન વૉટર હાટવેસ્ટીંગની જોગવાઈ કરી છે ઉપરાંત મહત્વની જોગવાઈ મુજબ વૉટર રી સાયક્લીંગ માટે કરવામાં આવી છે. જેને ફરજીયાત બનાવવામાં આવી છે. જુની પોળ, મહોલ્લામાં આ સીસ્ટમ સૌકાઓ પહેલા અમલમાં હતી જેનાથી વરસાદી પાણીનો સદઉપયોગ કરી સેનેટરી વોશ બેશીંગમાં આવા પાણીનો ઉપયોગ કરવામાં આવતો કાળક્રમે નવી બાંધકામ યોજના તથા આધુનિકરણની હોટમાં ખાળકુવા તથા રેઈન હાટવેસ્ટીંગની યોજનાનું પાલન કરવામાં આવતું નહી. જેની અસરથી પાણીની તંગી તથા અછત સર્જાઈ. જવી બાંધકામ યોજનામાં ગ્રે વૉટર માટે અલાયદી પાઈપ લાઈન નાંખવાની ફરજીયાત રહેશે અને સુયેજ વૉટર માટે અલાલયદી પાઈપ લાઈન નાંખવાની રહેશે. આ ગ્રે વૉટરને ટ્રેક કરી વોશીંગ અને ગાર્ડનીંગ જેવી પ્રવૃત્તિમા વાપરવાનું રહેશે તેથી શુધ્ધ પાણીની બચત થાય આવી વૉટર રી સાયક્લીંગની વ્યવસ્થા નહી હોય તેવી બાંધકામ યોજનાઓને બીલ્ડીંગ યુટીલીટી પરવાનગી પ્રમાણપત્ર ઓથોરીટી દ્વારા આપવામાં આવશે નહી અને બીયુ પ્રમાણપત્ર વગર આવા બાંધકામનો વપરાશ કરવામાં આવશે તો સીલ મારવાની તથા દ્ડની જોગવાઈ જીડીસીઆરમાં પ્લાન ૨૦૨૧ માં કરવામાં આવી છે. બિલ્ડરો દ્વારા ગ્રાહકો પાસેથી એકસ્ટ્રા રકમ સુયેજ તથા રી સાયક્લીંગના નામે લેવામાં આવશે અને આવી રકમનો જે તે હેતુ માટે જ ઉપયોગ કરવામાં આવશે. ૧૦૦ ચો.મી. થી ૧૦૦૦૦ ચો.મી. બાંધકામવાળી યોજનામાં અલગ અલગ પ્રકારની સીસ્ટમથી આ યોજનાનો અમલ બિલ્ડરો દ્વારા ફરજીયાત કરવામાં આવશે.

ઔડાએ તાજેતરમાં જીડીસીઆરમાં ગ્રે વૉટર રી સાયક્લીંગની જોગવાઈમાં રહેણાંક અને મીક્ષ યુઝ શબ્દનો ઉમેરો કર્યો છે. આગામી દિવસોમાં આ પ્રકારની સીસ્ટમ આખા શહેરમાં અમલીકરણ કરવાની દિશામાં વિચારણા થઈ રહી છે જેનો સફળ પ્રયોગ થશે તો આખા રાજયમાં દરેક જીલ્લામાં આનો ઉપયોગ ફરજીયાત શરૂ કરી ડેવલોપમેન્ટ પ્લાન ૨૦૨૧ નો અમલ કરવામાં આવશે જેનાથી પાણીની તંગીની સમસ્યાનો સામનો પ્રજાએ કરવો પડશે નહી તેમજ કુદરતી સ્ત્રોતથી આવતા પાણીનો દુરઉપયોગ અટકતા સદઉપયોગ થતા પાણીના સ્તર ઉંચા આવશે.

# સત્તારૂઢોના આસ્થા સ્થાન સંઘની સક્રિયતા




વિશ્વની સૌથી વિશાળ સ્વયંસેવી સંસ્થા(એનજીઓ) રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ની રાજસ્થાનના નાગૌરમાં હમણાં મળેલી ત્રિદિવસીય પ્રતિનિધિ સભા(સંસદ)માં નિર્ણયો તો ઘણા લેવાયા, ચિંતન ખૂબ થયું, કેન્દ્રની ભાજપ સરકારની કામગીરી વિશે આકલન પણ થયું; પરંતુ ૯૦ વર્ષીય આરએસએસના ગણવેશમાં ખાખી ચડ્ડીને તિલાંજલિ આપીને આછા છીંકણી રંગ(બ્રાઉન કલર)ના પેન્ટને સ્વીકારવાનું નક્કી થયું એની ચર્ચા સવિશેષ થઈ.૧૯૨૫માં વિજયાદશમી ટાણે નાગપુરના કોંગ્રેસી નેતા ડો.કેશવ બલિરામ હેડગેવારે જ્યારે હિંદુ હિતમાં સંઘની સ્થાપના કરી ત્યારે કોંગ્રેસ પક્ષ સર્વસમાવેશ હોવા છતાં હિંદુ પાર્ટીની ભૂમિકામાં હતો. સંઘ પરિવારમાં આદરપાત્ર વ્યક્તિત્વ રહેલા વરિષ્ઠ પ્રચારક સ્વ. દત્તોપંત ઠેંગડી 'સંકેતરેખા'માં નોંધે છે કે છેક ૧૯૩૭ સુધી સંઘના પ્રથમ સરસંઘસંચાલક(વડા) ડો.હેડગેવાર કોંગ્રેસ સાથે રહ્યા.૧૯૪૦માં એમના નિધન પછી ડોકટરજીની ઈચ્છાનુસાર માધવ સદાશિવ ગોલવળકર(ગુરુજી)ને દ્વિતીય સરસંઘચાલકનો કાર્યભાર સુપરત કરાયો હતો.

પ્રારંભમાં સંઘની સાંસ્કૃતિક ઓળખને ગુરુજીએ ૧૯૫૧માં ડો.શ્યામાપ્રસાદ મુકરજી નામના બંગાળના મૂળ કોંગ્રેસી નેતામાંથી હિંદુ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા પછી પં.જવાહરલાલ નેહરુની સ્વતંત્ર ભારતની પ્રથમ સરકારમાં ઉદ્યોગ પ્રધાન રહ્યા પછી અલગ થયેલા નેતા સાથે ચર્ચા કરીને અખિલ ભારતીય જનસંઘ થકી રાજકીય ક્ષેત્રમાં રસ લેવાનું શરૂ કર્યું હતું. સમયાંતરે જનસંઘનો જનતા પાર્ટીમાં વિલય અને ફરી ૧૯૮૦માં નવઅવતાર તરીકે ભારતીય જનતા પાર્ટી તરીકે અવતરણ થયું હતું.'૯૦નાં અંતિમ વર્ષોમાં ભાજપનો પ્રભાવ વધારવામાં સંઘસમર્થન થકી રામજન્મભૂમિ આંદોલનને ઘણું યોગદાન આપ્યું. એ પછી સંઘના પ્રચારક રહેલા અટલ બિહારી વાજપેયીના વડા પ્રધાનપદે મિશ્ર સરકાર બની. એ પછીનાં વર્ષોમાં ભાજપની પ્રગતિનો ગ્રાફ ઊંચે જતો ગયો અને કોંગ્રેસની અવગતિ સર્જાતી રહી.

મે ૨૦૧૪માં સંઘના પ્રચારક રહેલા નરેન્દ્ર મોદી સંપૂર્ણ બહુમતી સાથે દિલ્હીમાં વડા પ્રધાનપદે આરૂઢ થયા હોવા છતાં મિત્ર પક્ષોને સાથે રાખવાની ચાણક્યનીતિ એમણે અખંડ રાખી છે. લોકસભામાં તો ભાજપ અને મિત્રપક્ષોની ભારે બહુમતી છે,પણ ઉપલા ગૃહ રાજ્યસભામાં હજુ કોંગ્રેસ અને મિત્રપક્ષોની બહુમતી હોવાથી વડા પ્રધાન મોદી અને એમની માતૃસંસ્થા આરએસએસના સંયુક્ત પ્રયાસોથી આવતાં બે વર્ષમાં વિવિધ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓમાં પક્ષની સ્થિતિ મજબૂત કરવાનો મોટો પડકાર છે.આવા સંજોગોમાં સંઘના મંચ પરની ગતિવિધિ સત્તારૂઢ ભાજપ માટે ખૂબ જ નિર્ણાયક બની રહે છે. સંઘનો પ્રભાવ દેશ અને દુનિયામાં વધ્યો જરૂર છે, પણ સત્તા સાથે વધતા પ્રભાવને ટકાવવા માટે નક્કર પગલાં લેવામાં આવે નહીં તો એ ઊભરો શમી શકે એ વાતથી સંઘનું નેતૃત્વ સુપેરે વાકેફ છે. મોદી સરકારને બે વર્ષ પૂરાં થવા આવ્યાં છે ત્યારે સ્વાભાવિક રીતે પ્રજાની આકાંક્ષા અને અપેક્ષા એમના ચૂંટણીઢંઢેરાનાં વચનોની પૂર્તિ બાબતની પ્રગતિનો હિસાબ માંગે અને વિપક્ષ પણ સરકારની મર્યાદાઓને પ્રજા સમક્ષ લઈ જવાનો પ્રયાસ કરે.

નરેન્દ્ર મોદીના વડપણવાળી સરકાર કેન્દ્રમાં આવ્યા પછી બિહાર રાજ્યમાં ભાજપ અને મિત્રપક્ષોના કરુણ રકાસ પછી ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ સહિતનાં ભાજપશાસિત રાજ્યોમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓમાં ભાજપને જોરદાર ફટકો પડ્યો છે. આવા માઠા સમયગાળામાં સમગ્રપણે સંઘ પરિવારના સંગઠિત સમર્થનથી ભાજપની સ્થિતિ સુધારવા માટે કૃતસંકલ્પ રહે. સંઘની નેતાગીરી ગજગામિની છે. ભાજપને માટે એના સદ્ભાવ સમર્થન છતાં અનામતના મુદ્દે એની ભૂમિકા ભાજપને નડે છે. સંઘની ૧૯૮૧ની પ્રતિનિધિ સભાના ઠરાવ મુજબ, અનામતની વ્યવસ્થા કાયમી ધોરણે હોઈ ના શકે. સંઘ તરફથી જ્યારે પણ અનામતની સમીક્ષાની વાત કરાય છે ત્યારે વિરોધીઓ ભારે ઉહાપોહ મચાવે છે.

બિહાર વિધાનસભાની ગત ચૂંટણી ટાણે સંઘના વર્તમાન સરસંઘચાલક ડો. મોહન ભાગવતે અનામત-સમીક્ષાની વાત છેડી અને ભાજપ જ નહીં, સ્વયં વડા પ્રધાન મોદીએ કરેલી સ્પષ્ટતાઓ છતાં બિહારમાં ભાજપનો રકાસ સર્જાયો. નાગૌરમાં પ્રતિનિધિ સભાની ત્રણ દિવસની બેઠક પછી એની કાર્યવાહીની માહિતી આપતાં સરકાર્યવાહ(મહામંત્રી) સુરેશ(ભૈયાજી) જોશીએ અનામત મુદ્દે સંઘની સમીક્ષાવાળી ભૂમિકા રજૂ કરી એટલે વિરોધ પક્ષના હાથમાં ફરી મુદ્દો આપ્યો.રાજ્યસભામાં સત્તાપક્ષના નેતા અને નાણા પ્રધાન અરુણ જેટલીએ સરકાર અનામત વ્યવસ્થામાં કોઈ ફેરફાર કરવાની નહીં હોવાની ખાતરી આપ્યા છતાં શ્રીમંત વર્ગો એટલે કે પટેલો અને જાટ અનામત મેળવવા આંદોલન કરે એને સંઘ યોગ્ય નહીં માનતો હોવાનાં દૂરગામી પરિણામ ભાજપે ભોગવવાં પડશે.

- સંઘની ૧૯૮૧ની પ્રતિનિધિ સભાના ઠરાવ મુજબ, અનામતની વ્યવસ્થા કાયમી ધોરણે હોઈ ના શકે
- મોદી સરકારને બે વર્ષ પૂરાં થવા આવ્યાં છે ત્યારે સ્વાભાવિક રીતે પ્રજાની આકાંક્ષા અને અપેક્ષા એમના ચૂંટણીઢંઢેરાનાં વચનોની પૂર્તિ બાબતની પ્રગતિનો હિસાબ માંગે
- સંઘ આદર્શવાદમાં માને છે, પરંતુ રાજકારણમાં માત્ર આદર્શવાદ ચાલતો હોતો નથી
- ઘણી વાર સત્તાધીશો વિપક્ષી નેતાની જેમ જ ઉધામા મારતા રહે એમાં એમની પરિપક્વતાનાં દર્શન થતાં નથી

સંઘ આદર્શવાદમાં માને છે, પરંતુ રાજકારણમાં માત્ર આદર્શવાદ ચાલતો હોતો નથી. સંઘની સ્થાપના હિંદુ સમાજના કલ્યાણ અને સંગઠન માટે થઈ હતી. એણે રાજકીય પક્ષ તરીકે ભાજપને જ ટેકો આપવો એવું નહીં, હિંદુ હિતની વાત કરનારાઓને ટેકો આપવાની આદર્શ ભૂમિકા અપનાવી છે. એટલે ભાજપ અને કોંગ્રેસ જ નહીં, અન્ય રાજકીય પક્ષો સાથેના એના સંબંધો મધુર હોય એ સ્વાભાવિક લેખાય.

હિંદુ હિતની વાત કરનારા તમામ પક્ષો સંઘને અનુકૂળ રહે. વૈચારિક દૃષ્ટિએ એને ડાબેરી પક્ષો માફક આવી શકે નહીં અને સાથે જ મુસ્લિમવાદી પક્ષો પણ અનુકૂળ આવે નહીં. જોકે સંઘનાં સંગઠનોમાં માત્ર હિંદુ જ કાર્યરત છે એવું નથી; ખ્રિસ્તી અને મુસ્લિમ પણ છે. જોકે ભારત હિંદુરાષ્ટ્ર છે અને એના મુસ્લિમો કે ખ્રિસ્તીઓ હિંદુ મુસ્લિમ કે હિંદુ ખ્રિસ્તી હોવાની સંઘની ઘોષિત નીતિ છે.

હવે જ્યારે સંઘનું સંતાન ભાજપ દેશમાં સત્તાસ્થાને હોય ત્યારે એના નેતાઓ,પ્રધાનો, સાંસદો કે પછી સંઘના 'અધિકારીઓ'ની ભૂમિકા અને ઉચ્ચારણો ગરિમાપૂર્ણ રહેવાં ઘટે. ડો. સુબ્રમણિયન સ્વામી જેવા

**અનુસંધાન પાના નં. ૭ પર**

# 'Well done' દોસ્ત! પરીક્ષા તો તે સરસ રીતે પૂરી કરી હવે ફરવા અને મસ્તી-તોફાન કરવા માટે તને અઢળક શુભકામનાઓ, ...તો તમે જુઓ કે એ વિદ્યાર્થીના ચહેરા પર કેટલું તેજ અને આનંદ ઝળકી આવે છે!



*મિલ જાયેગી મંઝિલ ભટકતે હી સહી...*
*ગુમરાહ તો વો હૈ જો ઘર સે નિકલે હી નહીં...!!*




માર્ચ મહિનાનો અંત એટલે બોર્ડની પરીક્ષાઓનો મસમોટો ભાર હળવો થવાનો સમય. હોળી-ધૂળેટીની મજા હવે આ બોર્ડના વિદ્યાર્થીઓ મન ભરીને માણી શકશે. બોર્ડની પરીક્ષાનો સમય હોય ત્યારે જે ઘરમાં વિદ્યાર્થી દસમા કે બારમા ધોરણમાં હોય ત્યાં માહોલ ગંભીર અને **studious** હોય છે. મા-બાપ, નાના-મોટા ભાઈ બહેન કે સગાસંબંધીઓ સહુ કોઈ વિદ્યાર્થીઓને એક યોદ્ધાની જેમ બોર્ડની પરીક્ષાની તૈયારી માટે પોતપોતાની રીતે પ્રોત્સાહિત કરે છે. પરીક્ષાના એક અઠવાડિયા પહેલા તો **'All The Best'** અને **'Best Luck'** માટેના સંદેશાઓની વણથંભી વણઝાર શરુ થઈ જાય છે. **Motivational Talks** અને **Philosopphical Guides** ના ભારેભરખમ પ્રવચનો વચ્ચે વિદ્યાર્થીઓએ પરીક્ષા પૂર્ણ કરી. બોર્ડની પરીક્ષા પૂરી થતાંની સાથે જ વિદ્યાર્થીઓ ઉપરાંત તેમના માતા-પિતાની પણ પરીક્ષા પૂરી થઈ હોય એમ ઘરનું વાતાવરણ થોડું હળવું બનતું જણાય છે. પરીક્ષા સારી ગઈ કે ખરાબ, પરિણામ જે આવે એ સ્વીકારવાની તૈયારી સાથે વિદ્યાર્થીઓને હવે મન ભરીને **enjoy** કરવા માટે **'All the best'**.

ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ કારકિર્દી માટે અંત્યત મહત્ત્વની હોઈ શકે પણ એ જીવનની છેલ્લી પરીક્ષા કે એકમાત્ર તક નથી એ બાબત વિદ્યાર્થીઓ અને **Parents** બંનેએ સમજવાની જરુર છે. વેકેશન પડતાં જ મોબાઈલ અને કમ્પ્યુટર ગેમ્સના બદલે **Tracking** અને **Travelling** જેવી પ્રવૃત્તિ યુવાન વિદ્યાર્થીઓ કરશે તો તેમનામાં આત્મવિશ્વાસની વૃદ્ધિ થશે.

*'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,*
*જંગલની કૂંજ કૂંજ જોવી હતી...*
*જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા*
*રોતાં ઝરણાની આંખ લ્હોવી હતી...!!"*

યુવાનોમાં આ પ્રકારની વૃત્તિ કેળવાય તો તેઓ જીવનમાં આવનારી અન્ય નાની-મોટી પરીક્ષાઓ, તકલીફો કે અડચણનો પણ હિંમત અને સાહસપૂર્વક સામનો કરી શકશે. આ માટે આપણે સૌએ સાથે મળીને તેમને પ્રોત્સાહિત કરવા પડશે. ગાડરીયા પ્રવાહમાં વહી જઈને જેટલા લોકોએ શુભેચ્છાઓ પાઠવવા ફોન કોલ્સ કે મેસેજીસ કર્યા તેમાંના ચોથા ભાગના એટલે કે માત્ર ૨૫ ટકા જેટલા લોકો આ તરવરાટભર્યા નવયુવાનોને ફોન કે મેસેજ કરીને માત્ર એટલું જ કહે છે **'Well done'** દોસ્ત! પરીક્ષા તો તે સરસ રીતે પૂરી કરી હવે ફરવા અને મસ્તી-તોફાન કરવા માટે તને અઢળક શુભકામનાઓ, તો તમે જુઓ કે એ વિદ્યાર્થીના ચહેરા પર કેટલું તેજ અને આનંદ ઝળકી આવે છે!

સલાહ આપવી અને શુભેચ્છાઓ પાઠવવી એ ચોક્કસપણે સારી બાબત છે પણ ઘણીવાર આ વિદ્યાર્થીઓને જરુર હોય છે માત્ર પીઠ થાબડવાની અને પ્રોત્સાહિત કરવાની!

મોબાઈલ અને ઈન્ટરનેટના આ યુગમાં તમારા બાળકો ગમે ત્યાંથી તમારી સાથે સંપર્ક કરી શકે તેમ જ તે સુરક્ષિત છે તેની જાણ માતાપિતા સુધી પહોંચાડી શકે છે. માટે આવો, આપણા આ **smart, intelligent** અને **active** યુવાન મિત્રોને તેમની રીતે મુક્ત ગગનમાં વિહરી શકે એ પ્રકારનું વાતાવરણ પુરું પાડીએ. કવિશ્રી સુરેશ દલાલ કહે છે તેમ, આપણા નવયુવાનો એ પ્રકારના બની રહે છે તેઓ ગાઈ ઉઠે,

*"અમે વનવનનાં પાન થઈ ફરકી રહ્યાં,*
*અમે પંખીનાં ગાન થઈ મરકી રહ્યાં...*
*અમે દરિયો થઈ આભને પંપાળી રહ્યાં,*
*અમે તારલા ઉગાડનાર માળી થયાં!"*

કુદરત સાથેનું આપણું અનુસંધાન અકબંધ જળવાઈ રહે અને યુવાનોમાં કુદરતના ખોળે રમવાની અને નૈસર્ગિક સૃષ્ટિને માણવાની જીજીવિષા પ્રગટે એવું કંઈક કરીએ! યુવાનો **latest electronic** ગેજેટ્સની સાથોસાથ કળકળ વહેતાં ઝરણાંને પણ માણે તથા નદી અને પર્વતોને ખેડીને ઈશ્વરની આ સુંદર સૃષ્ટિની દરેકે દરેક રચનાને માણે એ માટે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપનાર તમામે તમામ વિદ્યાર્થીઓને **'All the very best'**. આ વખતે વેકેશનને કંઈક અલગ જ રીતે માણો અને કવિશ્રી જગદીશ જોશી લખે છે તેમ, કુદરતના ખોળે સમર્પિત થઈને ઈશ્વરની આ સર્વશ્રેષ્ઠ સર્જનસમા વાતાવરણને કંઈક આ રીતે માણો,

*"આખુંયે આભ મારી આંખોમાં જાગે*
*લઈ પંખીના સૂરની સુવાસ;*
*તૃણતૃણમાં ફરકે છે પીંછાનો સ્પર્શ, અહીં*
*ઝાકળનો ભીનો ઉજાસ ;*
*એક-એક બિંદુમાં સમંદરની ફાળ,*
*કે એક-એક પાંદડીમાં પ્રગટ્યું પાતાળ!"*

- nehalgadhavi101@gmail.com